# શહેરમાં અડધો ઈંચ વરસાદ

**સેક્ટરોમાં પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચડ : વરસાદી ઝાપટાંથી જનજીવન પ્રભાવિત : ઘ- ૪ પાસેના અન્ડરપાસમાં પાણી ભરાતાં વાહનચાલકો અટવાયા : ઘ-૦ પાસેના ફ્લાય ઓવર નીચેના માર્ગ પર પણ પાણી ભરાયાં : સેક્ટરવાસીઓ વરસાદી સમસ્યાથી ત્રસ્ત**








ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં સતત બીજા દિવસે વરસાદી વાયરો યથાવત રહ્યો હતો. આજે પણ સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા વરસ્યા હતા. શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ યથાવત છે. ગઈકાલે પણ દોઢ ઈંચ વરસાદ વરસતા સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ જયારે આજે પણ દિવસના અંતે શહેરમાં ૧૪ મી મી થી વધુ અલબત્ત અડધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૯ ઈંચ વરસાદ થયો છે. સેકટરમાં ઝરમરિયા વરસાદી ઝાપટા વચ્ચે સેકટરોમાં કાદવ કીચ્ચડ વચ્ચે ગંદકીનુ પ્રમાણ વધ્યુ છે. જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો વધુ જોર પકડે તેવી દહેશત છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં વરસાદના હળવાં ઝાપટાં નોંધાયાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ વરસાદના હળવા ઝાપટાઓથી વાતાવરણમાં ઠંડક રહી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સવારે વરસાદનું આગમન થયુ હતુ અને આખો દિવસ વરસાદ ધબધબાટી બોલાવશે તેવુ જણાતુ હતુ પરંતુ બપોર પછી વરસાદનું જોર ઘટી ગયુ હતુ અને તડકો નીકળ્યો હતો.

આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં માણસામાં ૧૮ મી.મી., ગાંધીનગરમાં ૧૪ મી.મી., કલોલમાં ૯ મી.મી. અને દહેગામમાં ૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં વરસાદે બપોર પછી વિરામ લીધો હતો. જો કે વરસાદી માહોલ હોવાથી લોકોએ રાહત અનુભવી છે. ખેડૂતો પણ વરાપને જોઈ ખુશ જણાતા હતા. જિલ્લામાં મુરઝાતા પાકને મળેલા જીવતદાન પછી તેમના મુખ પર ખુશી જોવા મળી હતી. દરમ્યાન ૧૪મી સપ્ટેમ્બર સુધી જિલ્લામાં વરસાદી માહોલ રહેશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે.

# શહેરમાં ૨જી ઓક્ટો. સુધીમાં વેક્સિનેશનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા કરવાનું લક્ષ્ય

**ગ્રામ્ય વિસ્તારમાં વેડા-મહુડી પી.એચ.સી.ના તમામ ગામોમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે ૬૬૮૭ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં ૧૭૮૯ અને ગ્રામ્યમાં ૪૮૯૮ લોકોને આજે આવરી લેવામાં આવ્યા છે. આજે સવારથી જ વરસાદી માહોલ અને રજાનો દિવસ હોવાથી વેક્સિનેશનની કામગીરી ધીમી રહી હતી.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં આગામી ૨જી ઓક્ટો. સુધીમાં તમામ નગરજનોને ૧૦૦ ટકા વેક્સિનેશનના પ્રથમ ડોઝમાં આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. મનપાના તંત્ર દ્વારા આ માટે હાઉસ ટુ હાઉસ સર્વે કરી અને વેક્સિનેશનમાં કોણ કોણ બાકી છે તે અંગેની જાણકારી પણ એકત્ર કરવામાં આવી રહી છે.

બીજી તરફ ગાંધીનગર શહેરમાં આજ સુધીમાં ૪,૮૩,૮૩૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૩,૩૭,૭૮૪ લોકોને વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જ્યારે ૧,૪૬,૦૫૨ ને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૨,૭૧,૪૭૪ પુરૂષો અને ૨,૧૨,૨૪૮ મહિલાઓને આવરી લેવામાં આવી છે. શહેરમાં ૩,૦૫,૭૪૪ લોકો જે ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથના છે તેમને વેક્સિનેશન અભિયાનમાં અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા છે. ૪૫ થી ૬૦ના વયજૂથમાં ૧,૧૩,૧૧૯ લોકોને અને ૬૦+ માં ૬૪,૯૭૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૮૬૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭,૨૫,૮૫૪ લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જયારે ૨,૩૭,૬૪૮ ને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં મહુડી અને વેડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો એવા છે કે તેના વિસ્તારના તમામ ગામોમાં ૧૦૦ ટકા વેક્સિનેશનનો લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયો છે. જિલ્લામાં ૧૫૦ થી વધુ ગામોમાં ૧૦૦ ટકા લક્ષ્યાંકની કામગીરી વેક્સિનના પ્રથમ ડોઝની પૂર્ણ થઈ છે.

ગઈકાલે રાજ્યના આરોગ્ય કમિશનરે પણ વિડીયો કોન્ફરન્સ યોજી અને ૨જી ઓક્ટો. સુધીમાં વેક્સિનેશનની કામગીરીમાં પ્રથમ ડોઝની ૧૦૦ ટકા પૂર્ણ થાય તે રીતે કામગીરી કરવા સૂચન કર્યુ છે. આ માટે તંત્ર દ્વારા અભિયાનને વેગીલુ બનાવવાનું પણ આયોજન કરી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

સોમવાર પછી વેક્સિનેશન અભિયાન વેગીલુ બનશે તેવા સંકેતો પણ તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

# પંચાયતોના વિભાજન પછી મહેસુલી ગામનો દરજ્જો મળવાની વાતો જૈસે થે

ગાંધીનગર, તા. ૧૦

પંચાયતોના વિભાજન પછી અલગ થયેલા ગામોને મહેસુલી ગામ તરીકેનો દરજ્જો નહિ મળતો હોવાને કારણે પંચાયતના વર્તુળોમાં ગણગણાટ વધી જવા પામ્યો છે.

રાજ્ય વિધાનસભા ગૃહમાં પણ આ પ્રશ્ન ચર્ચામાં આવ્યો ત્યારે સરકારે આ બાબતે ઝડપથી નીતિ તૈયાર કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી પરંતુ નવી નીતિ આ અંગેની તૈયાર થઈ નથી.

અલગ પડેલી પંચાયતોને નાણાંપંચની ગ્રાન્ટ સહિતની વિવિધ ગ્રાન્ટો મેળવવામાં તકલીફો પડી રહી છે અને આ અંગેના પેચીદા પ્રશ્નો તંત્રમાં પણ અટવાયેલા પડ્યા છે. નવી અસ્તિત્વમાં આવતી પંચાયતોને મંજૂરી પણ ઝડપથી મળતી નહિ હોવાનો ગણગણાટ પંચાયતના વર્તુળોમાં સાંભળવા મળી રહ્યા છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં સમૌ ગામમાંથી હનુમાનપુરા પંચાયતના વિભાજનની દરખાસ્ત તાલુકાકક્ષાએથી જિલ્લાકક્ષાએ આવી પહોંચી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લામાં આ અગાઉ સાદરામાંથી મોતીપુરા પંચાયતનું વિભાજન પાંચ વર્ષ પહેલા થયુ હતુ જે નોંધનીય છે.

અલગ પડેલી પંચાયતોની આર્થિક સ્થિતિ પણ એક અભ્યાસ માંગી લે તેવી હાલત ઉભી થવા પામી છે. જિલ્લાઓને પણ પંચાયતોના વિભાજનની દરખાસ્તોને બહુ પ્રોત્સાહિત ન કરવાની સૂચનાઓ તંત્રને ખાનગીમાં આપવામાં આવી હોવાની વાતો પણ પંચાયતના વર્તુળોમાં ચર્ચાતી સાંભળવા મળી છે.

# જુના સચિવાલય સંકુલના પાંચ બ્લોકમાં નવી લીફટ મુકવા માટે દરખાસ્ત

**અગાઉ કેટલાક બ્લોકમાં લીફટ મુકવામાં આવી હતી : જુના સચિવાલયમાં કાર્યરત અનેકવિધ કચેરીઓમાં આવતા મુલાકાતીઓને પણ હાલાકી**

ગાંધીનગર તા ૧૦

જુના સચિવાલય સંકુલમાં સુવિધાઓના અભાવ વચ્ચે કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને હાલાકી વેઠવી પડે છે. જુના સચિવલાયમાં હજુ સુવિધાઓનો અભાવ વર્તાય છે. જેના લીધે જુના સચિવાલય સંકુલમાં રોજબરોજ આવતા સેંકડો મુલાકાતીઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે.



ગાંધીનગરના જુના સચિવાલયના દાયકાઓ જુના બ્લોક નવા બાંધવા માટે પણ અગાઉ દરખાસ્ત કરવામાં આવી છે. બીજીતરફ વિવિધ બ્લોકમાં લીફટની સુવિધા ન હોવાથી પણ મુલાકાતીઓને વિશેષ મુશ્કેલી વેઠવી પડે છે. જેને અનુલક્ષી જુના સચિવાલયના અન્ય ૫ બ્લોકમાં પણ નવી લીફટ મુકવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

જુના સચિવાલયના વિવિધ બ્લોક પણ દાયકાઓ જુના છે જેના લીધે કેટલીક સુવિધાઓ ઉભી કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જો કે જુના બ્લોક તોડીને નવા બ્લોક બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે નવા બે બ્લોક બાંધવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. બીજીતરફ જુના સચિવાલયમાં અનેકવિધ વિભાગોની કચેરીઓ કાર્યરત હોવાના લીધે મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. વિવિધ વિભાગોમાં કર્મચારીગણ ઉપરાંત મુલાકાતીઓની પણ અવરજવર રહે છે. પરંતુ સચિવાલયના વિવિધ બ્લોકમાં લીફટની સુવિધાનો અભાવ છે. અગાઉ કેટલાક બ્લોકમાં લીફટ મુકવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે સચિવાલય સંકુલની મુલાકાતે આવતા વિકલાંગ વ્યકિતને પણ હાલાકી વેઠવી પડે છે. સચિવાલય સંકુલના વિવિધ બ્લોકમાં લીફટની સગવડ ઉભી કરવા માટે તબક્કાવાર આયોજન કરાશે. જયારે હાલની સ્થિતિએ જુના સચિવાલયના વિવિધ પાંચ બ્લોકમાં નવી લીફટ મુકવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. આ લીફટની કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે. જો કે હજુ દરખાસ્તને મંજુરી અપાયા બાદ કામગીરી હાથ ધરવામાં આવશે.

# પેથાપુર ભાજપના બે આગેવાનોનાં રાજીનામાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજવાની ઘોષણા થઈ ચુકી છે ત્યાં આજે ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવેલ પેથાપુર ભાજપના બે આગેવાનોના રાજીનામાથી રાજકીય વર્તુળોમાં સન્નાટો વ્યાપી ગયો છે.

પેથાપુર નગરપાલિકાના પૂર્વ નગરપતિ રણજીતસિંહ વાઘેલાના દિકરા અને ભાજપના અગ્રણી વિજયસિંહ રણજીતસિંહ વાઘેલાએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપ્યુ છે. તેમણે ભાજપના આગેવાનોને ફોન કે મેસેજ નહિ કરવા પણ જણાવ્યુ છે.

આ ઉપરાંત ગીરીશસિંહ કાનસિંહ વાઘેલા જે ભાજપ કિશાન મોરચાના મંત્રીપદે નિયુક્ત થયા હતા તેમણે પણ પક્ષના સભ્યપદેથી તેમજ હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ છે.

પેથાપુરના આ બે આગેવાનોએ આપેલા રાજીનામાને લઈ ભાજપમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

# શહેરમાં સંવત્સરીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી



શહેરમાં સંવત્સરીનું પર્વ પણ શ્રદ્ધાપૂર્વક ઉજવાયું હતું. સે. ૨૨ માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્ર સંત પૂ. પદ્મસાગરજી મહારાજ સાહેબના સાનિધ્યમાં બારસા સૂત્ર વાંચન તથા પ્રભુદર્શન ચૈત્યવંદન બાદ સામુહિક પ્રતિક્રમણ અને સમાપને સામુહિક ક્ષમાપના જેવા પ્રસંગો ઉજવાયાં હતા. જૈનોએ એકબીજાને બે હાથ જોડીને ''મિચ્છામિ દુક્કડમ્'' પાઠવી જાણે-અજાણે થયેલી ભૂલો અંગે ક્ષમા યાચના વ્યક્ત કરી હતી.








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com